હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

નાના... ફરીથી બીજી મૂર્તિનું નિર્માણ નહી કરીએ... વિરોધ થાય તો આ મૂર્તિનું નામ અનુકૂળતા મુજબ બદલી આપીશું...

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં તસ્કરો બેફામ

કોલવડા, મોટી આદરજ અને સરઢવમાં તસ્કરોએ તરખાટ મચાવ્યો : ચાર સ્થળોએ તાળા તોડી તસ્કરોએ સવા બે લાખથી વધુ મત્તાની ચોરી કરી

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરમાં માંડ તસ્કરો શાંત થયા છે ત્યારે હવે તસ્કરોએ ગ્રામ્ય વિસ્તારને ખુંદી નાખ્યા હોય તેમ લાગી રહ્યું છે. રાંદેસણ ગામની સીમમાં આવેલા ધોળેશ્વર મહાદેવ પૌરાણિક મંદિરમાં સાડા ચાર લાખની ચોરી બાદ ગત રાત્રી દરમિયાન તસ્કરોએ કોલવડા, મોટી આદરજ અને સરઢવ ગામને ધમરોળી નાખ્યું હતું. ત્રણ ગામોમાં ચાર સ્થળોએ તાળા તોડી દૂધની ડેરી, બે સહકારી મંડળી અને એક મકાનમાંથી સવા બે લાખથી વધુ કિંમતની મત્તાની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હોવાનું ધ્યાને આવ્યું છે. પોલીસે આ મામલે ગુનો દાખલ કરીને તસ્કરો સુધી પહોંચવા વૈજ્ઞાનિક ઢબે તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર નજીક આવેલા કોલવડા ગામમાં ગતરાત્રે દૂધની ડેરીને તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યું હતું. કોલવડા દૂધની ડેરીના મકાનનુ લોક તોડી અંદર ઘૂસીને તસ્કરોએ ડેરીના મકાનમાંથી રોકડ રૂ.૧.૪૪ લાખની મત્તાની ચોરી કરી લીધી હતી. આ મામલે કોલવડાના વિજયસિંહ દલપતસિંહ વાઘેલાએ પેથાપુર પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ઘરફોડ ચોરી મામલે ગુનો દાખલ કરી તપાસ આરંભી છે. કોલવડા સિવાય તસ્કરોએ અન્ય બે ગામોમાં પણ હાથફેરા કર્યા હોવાનુ બહાર આવ્યુ છે. તસ્કરોની મોડસ ઓપરેન્ડી જોતા એક જ ટોળકી આ તમામ જગ્યાએ ચોરીઓ કરી હોવાનું પ્રાથમિક તારણ છે. મોટી આદરજ ગામમાં આવેલી સહકારી મંડળીના દરવાજાનું તાળું તોડી ગઈ રાત્રે તસ્કરોએ અંદરથી રોકડ રૂ. ૩૧,૮૨૮ની મત્તાની ચોરી કરી લીધી હતી. તો બીજી તરફ સરઢવ ગામમાં પણ તસ્કરોએ એક સહકારી મંડળી અને એક મકાનને ટાર્ગેટ કર્યું હતું. સરઢવ ગામની સહકારી મંડળીને નિશાન બનાવીને તસ્કરોએ તેના મકાનનું તાળું તોડી ઘરફોડ ચોરીનો પ્રયાસ કર્યો હતો પરંતુ આ પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો. સહકારી મંડળીમાં ચોરી કરવામાં નિષ્ફળ ગયેલા જ તસ્કરોએ સરઢવમાં જ એક નજીકના મકાનમાં ચોરી કરી હતી. અમદાવાદ ખાતે રહેતા વિનોદભાઈ રણછોડભાઈ પટેલ ને સરઢવ ગામે જમીન આવેલી છે અને ત્યાં ખેતી કરે છે. સરઢવમાં જ તેમનું મકાન પણ છે. તેમના આ મકાનને ટાર્ગેટ કરીને તસ્કરોએ મકાનનું તાળુ તોડી અંદરથી સોના ચાંદીના દાગીના તથા રોકડ મળી કુલ રૂપિયા ૫૬,૮૦૦ની મત્તાની ચોરી કરી હોવાની પોલીસ ફરિયાદ નોંધાવા પામી છે. પેથાપુર પોલીસ મથકની હદમાં એક જ રાત્રે દરમિયાન ચાર-ચાર જગ્યાએ થયેલી ચોરીથી પોલીસના નાઈટ પેટ્રોલીંગ ઉપર શંકાઓ ઉભી થવા પામી છે.

સહકારી મંડળીઓ તસ્કરોના નિશાન પર

તસ્કર ટોળકીએ ગત રાત્રી દરમિયાન ગ્રામ્ય વિસ્તારોમાં તરખાટ મચાવ્યો તે જોતા તેના નિશાન પર સહકારી મંડળીઓ હોય તેમ સ્પષ્ટપણે લાગી રહ્યું છે. કોલવડામાં દૂધ ડેરી મંડળીમાં ચોરી કરવામાં સફળતા મળતા રાત્રે આ ગેંગે સરઢવ અને મોટી આદરજની સહકારી મંડળીઓને નિશાન બનાવી હતી. દિવાળી નજીક હોવાથી ગ્રાહકોના પગાર, કર્મચારીઓના પગાર અને દિવાળી બોનસ પણ મંડળી દ્વારા તૈયાર રખાયું હોય તેવી ધારણા સાથે સહકારી મંડળીઓને તસ્કરોએ ટાર્ગેટ કરી હોવાની શકયતા છે.

રાજયમાં મગફળીની ટેકાના ભાવે ખરીદી માટે ઓનલાઈન નોંધણીનો રાજય વ્યાપી પ્રારંભ

ખેડૂતો પાસે જે ગામડાઓમાં તલાટીનો ૭/૧૨નો દાખલો ઉપલબ્ધ નહી હોય તો ગ્રામ સેવકના દાખલાથી પણ ખેડૂત ઓનલાઇન નોંધણી કરાવી શકશે

ગાંધીનગર, તા. ૧

કૃષિમંત્રી આર.સી. ફળદુ જણાવ્યુ છે કે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ ૨૦૨૨ સુધી ખેડૂતોની આવક બમણી કરવાનો નિર્ધાર કર્યો છે. જે મુજબ ખેડૂતોને પાક ઉત્પાદનના વ્યાજબી ભાવ મળે તે માટે ટેકાના ભાવે પાકની ખરીદી પણ કરાય છે. જેના ભાગરૂપે ગુજરાતમાં મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવા માટે આજથી ઓનલાઈન પ્રક્રિયાનો રાજય વ્યાપી શુભારંભ થયો છે. માત્ર બે કલાકના સમયગાળામાં જ ૪૦૬૫ જેટલા ખેડૂતોએ ઓનલાઈન નોંધણી કરાવી છે. જેમાં ૪૭૦૮ હેકટર વિસ્તારનું ઉત્પાદન થયુ છે. સૌરાષ્ટ્ર વિસ્તારના તમામ માર્કેટ યાર્ડો બંધ છે તે વાત સત્યથી વેગળી છે એમ જણાવી મંત્રી ફળદુએ ઉમેર્યું કે, રાજકોટ અને જેતપુર યાર્ડ સિવાય સૌરાષ્ટ્ર ઉત્તર ગુજરાત અને કચ્છ બજાર સમિતિમાં ઓન લાઇન નોંધણી પ્રક્રિયા પુર જોશમાં ચાલી રહી છે.

મંત્રી ફળદુએ ઉમેર્યું કે, રાજયમાં અંદાજે ૨૬.૯૨ લાખ મેટ્રીક ટન ઉત્પાદન થવાની સંભાવના છે ત્યારે આ મગફળીની ટેકાના ભાવે ખરીદી આગામી ૧૫ મી નવેમ્બર ૨૦૧૮થી શરૂ કરાશે રાજયમાં ૧૨૨ સેન્ટરો ઉપર ખરીદીની પ્રકીયા હાથ ધરવા માટે તથા છેવાડાના ખેડૂતોને લાભ થાય તે હેતુ સર જે ગામમાં ખેડૂત પાસે ૭/૧૨ના દાખલો નહી હોય તો ગ્રામ સેવકના દાખલાના આધારે પણ ઓનલાઈન નોંધણી કરવાનો ખેડૂતલક્ષી મહત્વનો નિર્ણય પણ રાજય સરકારે કર્યો છે.

મંત્રીએ કહ્યુ કે, રાજયના ખેડૂતોની મગફળીની ખરીદી ટેકાના ભાવે પારદર્શી રીતે થાય તે માટે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલે ખાસ ધ્યાન કેન્દ્રીત કરીને સમયબદ્ધ આયોજન કર્યું છે અને આ માટે સંપૂર્ણ તૈયારીઓ કરી દેવાઇ છે.

ગાંધીનગરની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી - આઈઆઈટીજી દ્વારા સતર્કતા સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. આ સપ્તાહ અંતર્ગત 'ભ્રષ્ટાચાર હટાવીએ - નવું ભારત બનાવીએ' વિષયે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યાં હતા. જેમાં જુથ ચર્ચાનો સમાવેશ થાય છે.

જાહેર જનતાની મુલાકાત અર્થે સપ્તાહમાં સોમવારથી શુક્રવાર સુધી ખુલ્લુ રહેતુ રાજભવન

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ તા. ૧૫ મે, ૨૦૧૮થી ગુજરાત રાજભવનને જાહેર જનતા જોઈ શકે તે માટે ખુલ્લું મુકવાનો નિર્ણય કર્યો હતો. રાજ્યપાલશ્રીના આ નિર્ણયને જાહેર જનતા તરફથી સારો પ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે. કામકાજના દિવસો દરમ્યાન સપ્તાહમાં પાંચ દિવસો દરમિયાન નિયત કરાયેલ સમય માટે જાહેર જનતાની મુલાકાત માટે રાજભવન ખુલ્લું રહે છે.

વિદ્યાલયો-મહાવિદ્યાલયોના વિદ્યાર્થીઓની રાજભવનની મુલાકાત લેવાના કિસ્સામાં સંસ્થાના આચાર્યશ્રી દ્વારા રાજભવનને લખાયેલ પત્ર માન્ય રાખવામાં આવશે. ઓનલાઈન મંજૂરીની આવશ્યકતા નહિ રહે. વિદ્યાર્થીઓ તેમની સંસ્થા દ્વારા અપાયેલા ઓળખપત્ર (Identity Card)ને સાથે રાખીને રાજભવનની મુલાકાત લઈ શકાશે.

શૈક્ષણિક સંસ્થાઓ સિવાય રાજભવનની મુલાકાત લેવા માટે અન્ય ઉત્સુક મુલાકાતીઓએ ગુજરાત રાજભવનની વેબસાઈટ http://rajbhavan.gujarat.gov.in ઉપર દર્શાવેલી માર્ગદર્શક રૂપરેખાઓને ધ્યાને રાખી ઓનલાઈન (On-Line) Registration System ના માધ્યમથી પોતાની ઈચ્છા દર્શાવવાની રહેશે.

'સરદાર જયંતિ'એ ત્રિ-મંદિર ઉભા રહેતા રીક્ષાચાલકોનું સ્વચ્છતા અભિયાન

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર પાસેથી નર્મદા નહેરની મુખ્ય કેનાલ પસાર થાય છે અને અનેક નાગરિકો તેમની ધાર્મિક વિધીઓ પછી વધેલો પુજાપો સહિતનો કચરો આ કેનાલમાં ઠાલવતા જોવા મળે છે. વળી કેનાલની આસપાસ પણ તંત્રની બેદરકારીના કારણે કરાના ઢગ જોવા મળે છે જો કે ગાંધીનગરના અડાલજ પાસે ઝુંડાલ નર્મદા કેનાલ ખાતે એકઠો થયેલો કચરો આ રોડ પર રોજીંદો વ્યવસાય કરતા રીક્ષા ચાલકોએ સરદાર જયંતિના દિવસે સાફ કરી નવું પ્રેરણાત્મક ઉદાહરણ પુરું પાડયું છે.

રાજયભરમાં સરદાર જયંતિની અનેકવિધ રીતે ઉજવણી કરવામાં આવી પરંતુ અડાલજ ત્રિમંદિર ખાતે ઉભા રહી પોતાનો વ્યવસાય કરતા રીક્ષા ચાલકોએ ખુબ જ અનોખી રીતે ઉજવણી કરી હતી. છેલ્લા કેટલાક સમયથી ઝુંડાલ પાસેની મેઈન નર્મદા કેનાલ પર કચરાના ઢગ ચર્ચાસ્પદ બન્યા હતા. જાહેર માધ્યમોમાં આ બાબતે અહેવાલો પ્રગટ થવા છતાં તંત્રની જાડી ચામડીને કોઈ અસર થવા પામી નથી. આ જોઈ ત્રિમંદિરથી અડાલજ તથા અન્ય સ્થળોએ મુસાફર પરિવહનનો વ્યવસાય કરતા દસેક રીક્ષાચાલકોએ સરદાર જયંતિના દિવસે પોતાની સ્વેચ્છાએ 'સ્વચ્છતા અભિયાન' હાથ ધર્યું હતું અને કેનાલની આસપાસથી શ્રીફળ, ચુંદડી, પ્લાસ્ટિકની કોથળીઓ સહિતનો કચરો સાફ કરી તેનો યોગ્ય નિકાલ કર્યો હતો.

પોસ્ટ કચેરીમાં સર્વર ડાઉન થવાના લીધે સિનિયર સિટીઝન્સને હાલાકી

સરકારી આવાસમાં દુવિધાઓથી ઘેરાયેલી પોસ્ટ કચેરીઓમાં આમ નાગરિકોને પારવાર મુશ્કેલી : નિવૃતોને પણ ટેકનિકલ ખામીના લીધે મુશ્કેલી વેઠવી પડે છે

ગાંધીનગર તા ૧

ગાંધીનગરમાં કાર્યરત પોસ્ટ કચેરીમાં વારંવાર ટેકનિકલ ખામીના લીધે જોડાણ ન મળતા અરજદારોના કામ અટવાય છે. સરકારી આવાસમાં કાર્યરત સેકટરોની પોસ્ટ કચેરીઓમાં સિનિયર સિટીઝન્સે ધક્કાખાવા પડે છે. જયારે આ સ્થિતિ વચ્ચે મુખ્ય પોસ્ટ કચેરી કક્ષાએથી પણ કોઇ પગલા લેવાતા નથી. જેના લીધે સ્થાનિકોમાં રોષ પ્રવર્તયો છે.

ગાંધીનગરમાં વિવિધ સરકારી કચેરીઓ હાઈટેક બનતા ઝડપી અને ઓનલાઇન પ્રક્રીયા તરફ આગળ વધી રહી છે. આધુનિક યુગમાં સઘળુ આંગળીના ટેરવે થાય અને અરજદારોના કામ પણ ઝડપથી પુર્ણ થાય તે માટે વહીવટી કામગીરી પણ પેપરલેસ કરવાનો અભિગમ અપનાવાયો છે. પરંતુ પોસ્ટ કચેરીમાં આ બાબત આમ નાગરિકો માટે પીડાદાયક બની છે. સેકટરોની પોસ્ટ કચેરી આમ પણ સુવિધાઓના અભાવ વચ્ચે કાર્યરત છે. સરકારી આવાસોમાં પોસ્ટ કચેરી કાર્યરત છે. મુલાકાતીઓ માટે કોઈપણ પ્રકારની સુવિધાઓ નથી. જયારે આ સ્થિતિ વચ્ચે વારંવાર સર્વર ડાઉન થતા નાગરિકોએ ધક્કા ખાવાનો વારો આવે છે. પોસ્ટ કચેરીમાં નગરના નિવૃત પેન્શનરોની પુંજી પણ પોસ્ટ કચેરીમા હોવાથી સિનિયર સિટીઝન્સે અવારનવાર પોસ્ટ કચેરીમા કામકાજ અર્થે આવવુ પડે છે. પરંતુ દુવિધાઓથી ઘેરાયેલી પોસ્ટ કચેરીમાં બેસવાની સુવિધા પણ ઉપલબ્ધ હોતી નથી. જયારે આ દરમિયાન મોટાભાગે કનેકટીવીટી પણ ન મળતા કામ માટે આવેલા અરજદારોએ કલાકો સુધી સમય બગાડી પરત થવાનો વારો આવે છે. નગરના સે-૬ માં સ્થિત પોસ્ટ કચેરીમાં પણ આવી જ સ્થિતિ છે. પોસ્ટ તંત્ર દ્વારા આ મામલે સંબંધિત એજન્સીને જવાબદારી સોંપવામાં આવી હોવાછતા ટેકનિકલ ખામી નિવારવા ત્વરિત અસરથી પગલા લેવાતા નથી. જેના લીધે આમ નાગરિકોએ પરેશાની ભોગવવી પડે છે. આ અંગે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે પણ પોસ્ટ કચેરીના વડના સમક્ષ રજુઆત કરી છે.

વિ.કેર ફાઉન્ડેશન દ્વારા સરદાર જયંતિ નિમિત્તે વ્યસનમુક્તિ કાર્યક્રમ

કડવા પાટીદાર સમાજ અને વિ. કેર ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૩મી જન્મજયંતિ નિમિત્તે એક વ્યસન મુક્તિ કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં વિ.કેર ફાઉન્ડેશનના પ્રમુખ જે.સી. પટેલે કાર્યક્રમનું સફળ સંચાલન કર્યુ હતુ. આ કાર્યક્રમને સફળ આયોજન બનાવવા સમાજના આગેવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

અમદાવાદ એરપોર્ટ પર હવે પાર્કિંગ ચાર્જમાં લૂંટ બંધ થશે

ગાંધીનગર, તા.૧

અમદાવાદ ઈન્ટરનેશનલ અને ડોમેસ્ટિક એરપોર્ટ પર પ્રવાસીને માત્ર લેવા કે મૂકવા આવતાં સગાં કે સંબંધીઓને હવે કાર પાર્કિંગનો કોઈ ચાર્જ ચૂકવવો પડશે નહીં એટલું જ નહીં તે માટેના ટોલબૂથ પણ હવે એરપોર્ટ એન્ટ્રી ગેટથી નીકળી જશે. ટૂંક સમયમાં જ હવે નાગરિકોને ડેડિકેટેડ પાર્કિંગની સુવિધા ઉપલબ્ધ બનાવવામાં આવશે. પ્રવાસીને લઈને આવેલા વાહને માત્ર ડેડિકેટેડ પાર્કિંગ એરિયામાં વાહન પાર્ક કરવાનું રહેશે. આ ઉપરાંત જેઓ એરપોર્ટ પર વાહન પાર્ક કરશે તેમણે પણ હવે બહુ જ ઓછો પાર્કિંગ ચાર્જ ચૂકવવો પડશે. અમદાવાદ એરપોર્ટ પર વાહનો ૧૦ મિનિટથી વધુ વાહન રોકાય તો રૂ. ૮૫નો પાર્કિંગ ચાર્જ વસૂલવામાં આવે છે ત્યારે મોટા ભાગે ટોલબૂથ પર તકરાર થાય છે ૧૦ કે ૧૨ મિનિટના નિયમ સાથે પ્રવાસીને બૂથ સુધી પહોંચતાં ૧૨ સેકન્ડ વધુ થાય તો પણ તેણે રૂ. ૮૫ ચાર્જ ચૂકવવો પડતો હતો. હેવી ટ્રાફિકના કારણે ગાડીઓની લાંબી લાઈનના કારણે પ્રવાસીને ઈનટાઈમ એરપોર્ટ પર ઉતાર્યા પછી વાહનચાલકને બૂથ સુધી પહોંચવામાં મોડું થઈ જતું હતું. અમદાવાદ એરપોર્ટના ડાયરેક્ટર મેજર મનોજ ગંગલે જણાવ્યું હતું કે બહુ ટૂંક સમયમાં ડેડિકેટેડ પાર્કિંગ પોલિસી આવશે, જેમાં એરપોર્ટ પર સગાંસંબંધીને માત્ર લેવા કે મૂકવા આવતા લોકોએ પાર્કિંગ ચાર્જ ચૂકવવો પડશે નહીં, જેના કારણે ટોલબૂથ નીકળી જશે. પ્રવાસીના સગાંસંબંધીએ ડેડિકેટેડ પાર્કિંગ એરિયામાં તેનું વાહન પાર્ક કરી પ્રવાસીને લઈને કે મૂકીને નીકળી જવાનું રહેશે. જો તેઓ ડેડિકેટેડ પાર્કિંગ એરિયામાં તેનું વાહન પાર્ક કરીને પછી લોન્જ કે અન્ય જગ્યાએ જશે તો તેને રૂ. ૩૦૦૦ પેનલ્ટી ચાર્જ ભરવો પડશે. હવે પ્રવાસીઓને તમામ ઝંઝટમાંથી મુક્તિ મળશે. શાંતિથી તેઓ ડેડિકેટેડ પાર્કિંગ એરિયામાં સગાંને વિનામૂલ્યે ઉતારી કે લઈ જઈ શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે દેશભરમાં એરપોર્ટ પર પાર્કિંગની નવી પોલિસી અમલી બની રહી છે તે મુજબ અમદાવાદ એરપોર્ટનાં તમામ પાસાંને આવરી લઈને એરપોર્ટના પાર્કિંગના ચાર્જમાં પણ ઘટાડો કરવામાં આવશે. નવી અમલી થનારી પાર્કિંગ પોલિસીમાં ૩૦ મિનિટ સુધીનો કાર પાર્કિંગનો ચાર્જ રૂ. ૨૦, ટુવ્હિલર માટે રૂપિયા ૧૦ અને બસનો ચાર્જ રૂપિયા ૩૦ રાખવાની વિચારણા કરાઈ છે. ઉપરાંત ૩૦ મિનિટથી ૨ કલાકનો સમય લાગે તો પાર્કિંગ ચાર્જ માટે ટુવ્હિલરના રૂપિયા ૧૫, કારના રૂપિયા ૫૫, એસયુવી-મિની બસના રૂપિયા ૬૦, બસ-કોચના રૂપિયા ૭૦ ચૂકવવાના થશે.

ગુજરાત ભાજપના કાર્યકરો રાજસ્થાન એમપીની ચૂંટણી પ્રચારમાં જશે

ગાંધીનગર, તા. ૧

ભાજપ પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ ઈલેક્ટ્રોનિક મિડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે, ગઈકાલે સરદાર સરોવર, કેવડિયા ખાતે વિશ્વની સૌથી ઉંચી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાના લોકાર્પણ પ્રસંગે રાજયપાલ વજુભાઈ વાળાએ દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગુજરાતના પનોતાપુત્ર સરદાર વલ્લભભાઈ પટેલ પ્રત્યે સન્માન અને શ્રદ્ધા વ્યકત કરવા માટે ઉપસ્થિત રહીને લોકોને ઉત્સાહિત કરીને માર્ગદર્શન આપ્યું તે બદલ સમગ્ર ગુજરાતની જનતા વતી આભારની લાગણી વ્યકત કરુ છું. આ ઐતિહાસિક પ્રસંગે સરદાર વલ્લભભાઈ પટેલના કુટુંબીજનોએ પણ હાજર રહીને આ પ્રસંગને વધુ ગરિમાય બનાવ્યો તે બદલ તેમનો પણ આભાર માનું છું. આ લોકાર્પણ પ્રસંગે સાધુસંતો, સંપ્રદાયોના વડાઓ તેમજ તમામ સમાજોના શ્રેષ્ઠીઓ, સામાજિક આગેવાનો, વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ તેમજ જુદા જુદા રાજ્યોમાંથી ઉપસ્થિત રહેલ મહેમાનો સહિત હજારોની સંખ્યામાં ઉપસ્થિત રહેલા તમામ રાષ્ટ્રપ્રેમી લોકોનો પણ હૃદયપૂર્વક આભાર માનું છું. આઝાદીની લડત પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહ, ગુજરાતના રાજયપાલ ઓપી કોહલી, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ તેમજ મધ્યપ્રદેશના રાજયપાલ આનંદીબેન પટેલ અને કર્ણાટકના રાજયપાલ વજુભાઈ વાળાએ દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગુજરાતના પનોતાપુત્ર સરદાર વલ્લભભાઈ પટેલ પ્રત્યે સન્માન અને શ્રદ્ધા વ્યકત કરવા માટે ઉપસ્થિત રહીને લોકોને ઉત્સાહિત કરીને માર્ગદર્શન આપ્યું તે બદલ સમગ્ર ગુજરાતની જનતા વતી આભારની લાગણી વ્યકત કરુ છું. આ ઐતિહાસિક પ્રસંગે સરદાર વલ્લભભાઈ પટેલના કુટુંબીજનોએ પણ હાજર રહીને આ પ્રસંગને વધુ ગરિમાય બનાવ્યો તે બદલ તેમનો પણ આભાર માનું છું. આ લોકાર્પણ પ્રસંગે સાધુસંતો, સંપ્રદાયોના વડાઓ તેમજ તમામ સમાજોના શ્રેષ્ઠીઓ, સામાજિક આગેવાનો, વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ તેમજ જુદા જુદા રાજ્યોમાંથી ઉપસ્થિત રહેલ મહેમાનો સહિત હજારોની સંખ્યામાં ઉપસ્થિત રહેલા તમામ રાષ્ટ્રપ્રેમી લોકોનો પણ હૃદયપૂર્વક આભાર માનું છું. આઝાદીની લડત અને ત્યારબાદ દેશને સંગઠિત કરવા માટે પોતાની જાત ઘસી નાંખનાર સરદાર વલ્લભભાઈ પટેલના વિચારો આજે પણ જીવંત છે અને સદાય જીવંત રહેશે. સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે સરદાર પટેલના વિરાટ વ્યક્તિત્વને ઉજાગર કરતી વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાના લોકાર્પણના ભવ્ય કાર્યક્રમનો વિરોધ કરનારા વિરોધપક્ષોએ ભૂતકાળમાં સરદાર વલ્લભભાઈ પટેલને તેમના જીવન દરમિયાન કેવા હાંસિયામાં ધકેલી દીધા હતા અને તેમના મૃત્યુ પછી પણ તેમને માન-સન્માન આપવામાં ઉદાસીન રહેનાર વિરોધપક્ષોને આ કાર્યક્રમનો વિરોધ કરી ફરી એકવાર તેમની સરદાર પટેલ વિરોધી અને ગુજરાતીઓ વિરોધી માનસિકતા છતી કરી છે. વાઘાણીએ સોશિયલ મિડિયામાં ફરતો કોંગ્રેસ દ્વારા આયોજિત શ્રદ્ધાંજલિ કાર્યક્રમનો એક ફોટો બતાવીને જણાવ્યું હતું કે, ઈન્દિરા ગાંધીની વિશાળ તસ્વીરની બાજુમાં ખબ જ નાનો અને જોઈ પણ ન શકાય તેવો સરદાર વલ્લભભાઈ પટેલનો ફોટો મુકીને ફરી એકવખત કોંગ્રેસ દ્વારા તેમની અવગણના કરવામાં આવી હતી. જીતુભાઈ વાઘાણીએ માહિતી આપતા જણાવ્યું હતં કે, ગુજરાતના બે પડોશી રાજ્યો રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીઓ આવી રહી છે ત્યારે ગજુરાતમાંથી ભાજપના આગેવાનો અને કાર્યકરો એ રાજ્યમાં ચૂંટણી પ્રચાર અને વ્યવસ્થામાં મદદરુપ થવા માટે જનાર છે.

એન.ડી.ડી.બી.ની ટીમે ચિલોડા દૂધ મંડળીની મુલાકાત લીધી

ગાંધીનગર તાલુકાની ચિલોડા સ્થિત ધી ચિલોડા દૂધ ઉત્પાદક સહકારી મંડળીની એન.ડી.ડી.બી.ની એક ટીમે સાંજે મુલાકાત લીધી હતી. આ મુલાકાતમાં ટીમે મંડળીની કામગીરી નિહાળી હતી. આ કાર્યક્રમમાં ચિલોડા દૂધ મંડળીના ચેરમેન મહેશભાઈ પટેલ, વાઈસ ચેરમેન રમણભાઈ રાવલ સહિત મંડળીની વ્યવસ્થાપક કમિટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. મુલાકાત ટીમે મંડળીની વાર્ષિક અહેવાલની સભ્યો સાથે સંતોષકારક ચર્ચા-વિમર્શ કરી હતી.

સોજા હાઉસ્કૂલના ઉપક્રમે સરદાર પટેલ જન્મ જયંતિ અને ઈન્દિરા ગાંધીની પુણ્યતિથીની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાની લબ્ધ પ્રતિષ્ઠિત શૈક્ષણિક સેવાભાવી સંસ્થા શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ સોજાના ઉપક્રમે આજરોજ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ અને પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની પુણ્યતિથીની ઉજવણી કરવામાં આવી હતી. સરદાર પટેલના જીવન પર આધારિત પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. અખંડ ભારતના નિર્માણમાં સરદાર પટેલના વિશેષ યોગદાન અંગે વ્યાખ્યાનમાળાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

ભારતના એકમાત્ર મહિલા વડાપ્રધાન પ્રિયદર્શિની ઈન્દિરા ગાંધીની પુણ્યતિથિ નિમિત્તે તેઓને હૃદયસ્થ પ્રતિકાંજલિ અર્પણ કરવામાં આવી હતી. બાળકોએ રાષ્ટ્ર એકતા જાળવી રાખવા સબબ શપથ ગ્રહણ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમ એકંદરે ખૂબ જ સુંદર, સુચારૂ, સુવ્યવસ્થિત સરાહનીય, રોમાંચક, પ્રભાવી, પ્રોત્સાહક, પ્રશંસનીય, અભિપ્રેરક, અનુકરણીય અને આવકાર્ય બની રહ્યો હતો.